


## સલામી સવારની..

*કીંગ થઈને બેઠા'તા બેશરમ નિકળ્યા!*
*સિંહ થઈને માલ્યા'તા એ મૂષક નિકળ્યા!*
*ચૂસી લીધી બેન્કોમાંથી મહેનત પ્રજાની -*
*ઉડયા'તા એ નશામાં કીંગ 'ફૂંસર' નિકળ્યા!*
*(ફૂંસર (કચ્છી શબ્દ) = બીકણ - ડરપોક)*

*'બાબા' ને 'શ્રીશ્રી',*
*છે ધર્મના વેપારી -*
*ચાલે દૂકાન...*
*(પ્રચારમાં ભાગીદાર)*

*કરે નાટક!*
*'બેન્કો' છે ચોરની મા -*
*રડે જાહેર...*
*(મિલી ભગતના ભજન)*

### ચિંતન

**પૂજનીય મહાભાગાઃ પુણ્યાશ્ચ ગૃહદીપ્તયઃ ।**
**સ્ત્રિયઃ શ્રિયો ગૃહસ્યોક્તાસ્તસ્માદક્ષ્યા વિશેષતઃ ॥**

વિદુરજી, ધૃતરાષ્ટ્રને દ્રૌપદીનું ભરી સભામાં જે રીતે અપમાન કરવામાં આવ્યું તેની નિંદા કરતાં કહે છે કે :

સ્ત્રીઓ તો પૂજય, મહાભાગ્યશાળી છે. પવિત્ર અને ગૃહની શોભા છે તેના દ્વારા જ ઘરની કાન્તિ-તેજ-પ્રભાવ છે તેથી જ ઘરની 'લક્ષ્મી' કહેવામાં આવી છે. એમને તો અપમાનિત ન કરતાં વિશેષ રુપે રક્ષા કરવી જોઈએ.

આજના ડગલે-પગલે થતાં દુષ્કર્મો-બળાત્કાર-છેડતી વગેરેના યુગમાં અને સ્ત્રી-શક્તિના પ્રચારના પ્રવાહમાં - પણ આ શ્લોકનું મહત્ત્વ વિશેષ છે. આપણા પુરાણો પણ કહે છે, 'જયાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવોનો નિવાસ છે.'

### સુવિચાર

- થાય તેને બદલાવો, ન થઈ શકે તેને સ્વીકારો, ન મળે તેનાથી દૂર રહો - **રોબીન શર્મા**
- પરિવર્તન ને આવકાર આપો પણ તેને માલિક ન બનવા દો - **ફાધર વાલેસ**
- તમે ઊભી કરો તે સિવાય જીવનમાં કોઈ મર્યાદા નથી - **જનકલ્યાણ**
- બળ, સદ્ભાવ અને ડહાપણ તો દરેકને વારસામાં મળ્યાં જ છે, દરેકે માત્ર તેમને યોગ્ય સમયે યોગ્ય ઉપયોગમાં લેવાના છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ એ જ શ્રેષ્ઠ જાદુઈ સારવાર છે, પોતાની જાતને ચાહી જુઓ એ પણ એક ચમત્કાર કરી શકે છે - **રજનીશ**
- યાદ રાખો : તમે એ જ વ્યક્તિ છો, જે તમારા મનમાં વિચારો છો, તમારા જગતમાં તમે જ શક્તિ અને સત્તા છો - **લ્યુસી ઈવાન્સ**
- આજનું ઔષધ : કેળના પાનને બાળી ભસ્મ બનાવી તે ભસ્મ દસ ગ્રામની માત્રામાં દિવસમાં ત્રણ વાર મધ સાથે ચાટવાથી ઉટાટીંયામાં રાહત થાય છે. (સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

આજકાલ લગભગ ધર્મોમાં સાત્ત્વિક ધર્મની સમજને બદલે અનુયાયીઓ સંખ્યા-પ્રચારકો-દંભ-દેખાડા પર વધારે વજન આપવામાં આવે છે. ચોવીસ કલાક ચાલતી જુદા જુદા ધર્મ પ્રચારની ટીવી ચેનલો કોણ જાણે કેટલા લોકોને 'મુક્તિ' અપાવી સ્વર્ગમાં ગિર્દી કરશે?!

રામકૃષ્ણ પરમહંસ એક સાંજે કાલી મંદિરના ઓટલે બેસી સાયં પૂજા-આરતીની તૈયારી કરતા હતા. ત્યાં એક જિજ્ઞાસુ યુવાન આવ્યો અને પૂછ્યું :

સ્વામીજી! પ્રભુની કૃપા કે સાક્ષાત્કાર કરવાનો સૌથી સરળ માર્ગ કયો છે?

રામકૃષ્ણ કહે, ભાઈ પ્રભુભક્તિ તો વહેતી નદી છે તેમાં કોઈ પણ ઘાટ પર બેસી સ્નાન કરો કે જલપાન કરો તમને તૃપ્તિ તો મળવાની જ છે એમાં 'ઘાટ'નું મહત્ત્વ નથી.

યુવક કહે, પરંતુ સ્વામીજી કોઈ સરળ માર્ગ ખરો?

રામકૃષ્ણ સ્મિત સાથે બોલ્યા - ભાઈ! જો તારે ત્રીજે માળ જવું છે. તું કઠેડા પકડી ત્રણ દાદરા પણ ચઢી શકે અને પાઈપ પરથી ટૂંકે કે કઠિન માર્ગે મકાન બહારથી પણ ચઢી શકે - વાંસડા અને દોરીની મદદથી પણ ત્રીજે માળ પહોંચી શકાય! ધર્મ-સંપ્રદાયો એ ઈશ્વર પ્રાપ્તિના રસ્તા જ છે તને ગમતા-સરળ માર્ગને પકડી, આ કે તે નો વિચાર કર્યા વિના ચઢવાનું શરુ જ કરી દે!!

# વાંચકનિષ્ઠા માટે પ્રતિબદ્ધતા

**તંત્રીસ્થાનેથી...**

ત્રણ દાયકા... હા ત્રીસ વર્ષ - પૂર્વેનો નાનો અમથો વિચાર આજે વાસ્તવિક જિંદગીનો એક ભાગ બની ગયો છે. વિચાર હતો - એક અખબાર શરૂ કરવું. લક્ષ્ય હતુ સકારાત્મક સમાચારો અને વિચારોના વાહક બનવાનું. અને માર્ગ મૂલ્યનિષ્ઠ પત્રકારિત્વનો. પડકારો અમર્યાદિત - આત્મવિશ્વાસ છલોછલ. અને આજ સમીકરણોના કારણે 'ગાંધીનગર સમાચાર' ની સમાચારયાત્રા ત્રીસ વર્ષના અંતે સંતોષકારક મૂકામ પર આવીને ઊભી છે. સમાજમાં સર્જનાત્મક ભૂમિકા અદા કરવાના ભાગ રૂપે પત્રકારિતાનો ધર્મ અંગીકાર કર્યો છે. કેટલું થશે, કેવું થશે, શું થશે - પ્રશ્નાર્થો અકબંધ છે. પરંતુ જયાં - જેટલો અને જેવી રીતે અજવાશ પાથરી શકાય એવો પાથરીએ છીએ. રવીન્દ્રનાથ ટાગોરની કાવ્યપંક્તિનો ભાવ કોડિયાના માધ્યમથી 'ગાંધીનગર સમાચાર' પગલેને પગલે અજવાશ અનુભવે છે.

'ગાંધીનગર સમાચાર'ને મન પ્રજાની સમસ્યાઓનું સ્થાન અગ્ર હરોળમાં છે. ચોથી જાગીરની જવાબદારીપૂર્વકની નજીવી ભૂમિકા પણ ગૌરવપ્રદ છે. કોઈ એક ખેડૂત, કોઈ એક શ્રમિક કે કોઈ એક ગૃહિણીની સમસ્યાના સમાધાન કે ઉકેલનો માર્ગ 'ગાંધીનગર સમાચાર'ના માધ્યમથી થાય એ અમારે મન મૂડી છે. વિચારો અને સમાચારો સકારાત્મક ભાવથી અભિવ્યક્ત થાય અને કોઈક જીવનની કારકિર્દીનો એક ફકરો બની જાય છે ત્યારે અમારો પુરુષાર્થ લેખે લાગે છે. આજે વર્ષગાંઠના પર્વે 'ગાંધીનગર સમાચાર' વાચકનિષ્ઠ સેવા માટે પ્રતિબદ્ધતા વ્યકત કરે છે. હજુ વધુને વધુ લોકભોગ્ય વિચારો અને સમાચારોને સમાવવા પ્રામાણિક પ્રયાસ કરીએ છીએ.

વર્ષગાંઠ એટલે ગઈકાલનો સંતોષ, આવતીકાલનું સ્વપ્ન અને આજની વાસ્તવિકતા. 'ગાંધીનગર સમાચાર'ની ત્રણ દાયકાની સમાચારયાત્રા ધીમી પણ મક્કમગતિએ સંતોષકારક મૂકામ પર પહોંચી છે. આજ રળિયામણી છે. ગઈકાલ કરતાં આજ સારી છે, એવો ભાવ સતત પ્રગટતો રહે છે. અને આજ કરતાં આવતીકાલ વધુ ભવ્ય બનશે એવો વિશ્વાસ અકબંધ છે. 'ગાંધીનગર સમાચાર' પાટનગરનું પ્રથમ પ્રાણવાન દૈનિક બન્યું હતું. એનું ગૌરવ ત્રણ દાયકા સુધી પૂરક બન્યું. હવે આવતીકાલે 'ગાંધીનગર સમાચાર' ઘરે-ઘરે પોતાનું સ્થાન પ્રાપ્ત કરશે એવો અડીખમ વિશ્વાસ વ્યક્ત કરું છું. આજે વર્ષગાંઠે ઉત્તર ગુજરાતના સીમાડા ઓળંગીને 'ગાંધીનગર સમાચાર' મધ્ય ગુજરાતમાં મંગલ પ્રવેશ કરે છે. આવનારા દિવસોમાં 'ગાંધીનગર સમાચાર' નો વ્યાપ અને વેગ વિસ્તારવાની શક્તિ આપના આશીર્વાદ થકી પ્રાપ્ત થતી રહે એવી પરમ તત્ત્વને પ્રાર્થના...

## આજે દાંડીકૂચનો ઐતિહાસિક દિન
# ... હું આવા કાયદાને ગણકારતો નથી : મહાત્મા ગાંધી



આજે ૧૨ માર્ચ, દાંડીકૂચનો ઐતિહાસિક દિવસ. અંગ્રેજોએ માત્ર ભારતીય પ્રજાને ચૂસીને પાયમાલ કરવા સારું જે કર માળખું અમલી બનાવ્યું હતું તેની સામે વિરોધ વ્યક્ત કરવાની ગાંધીએ આ દિવસથી શરુઆત કરી હતી. કાયમના નિયમના નિયમ મુજબ મહાત્મા ગાંધીએ અંગ્રેજ સરકારના કાનૂન સામે બંડ પોકારતી 'સવિનય કાનૂન ભંગ'ની લડત અગાઉ અંગ્રેજ ગર્વનર જનરલને અન્યાયી અને અત્યાચારી કર પરત ખેંચી લેવા નમ્ર ભાષામાં વખતોવખત રજૂઆત કરી હતી. પરંતુ એ વિનંતીઓ પરિણામ શૂન્ય રહી હતી.

સત્યાગ્રહની ચરમસીમાનું દૃષ્ટાંત બનેલી દાંડીકૂચ સમયે લોર્ડ ઈર્વિનને લખેલા પત્રમાં ગાંધીજીએ સ્પષ્ટતા કરી હતી કે લડત અંગ્રેજો સામે નહીં પણ રાજયતંત્ર સામે ઉપાડવામાં આવી છે. ગાંધીએ જણાવ્યું હતું કે મારો વિરોધ છે કે પ્રજા તરીકે અંગ્રેજ રાજય સામે નથી, પણ રાજકર્યા તરીકે અંગ્રેજો સામે છે.'

એક તરફ અંગ્રેજ સરકાર સવિનય કાનૂન ભંગની એક યા બીજા સ્વરુપે લોકહિંસા ફાટી નીકળશે એવી ભીતી ધરાવતી હતી પણ ગાંધીજી આ જોખમથી પણ પૂરેપૂરા જાગ્રત હતા. તેઓ આ લડત દ્વારા અહિંસાની તીવ્ર શક્તિને 'અંગ્રેજી સત્તાની વ્યવસ્થિત હિંસા શક્તિ સામે તેમજ દેશના હિંસક પક્ષની અવ્યવસ્થિત હિંસા શક્તિ સામે' યોજવા ઈચ્છતા હતા. હિંસાની સામે પોતે કેવળેલા અહિંસાના વિચારો લોકોમાં વધુ પ્રબળ રહેશે અને સવિનય કાનૂન ભંગમાં જોડાનાર એક પણ આંદોલનકારી ભારતીય હિંસા પર નહીં ઉતરી આવે એવો અખૂટ વિશ્વાસ પણ હતો.

દાંડીકૂચના આગળના દિવસોમાં અંગ્રેજ વાઈસરોયે ગાંધીને પત્ર પાઠવીને ગાંધીની વિચારસરણીને પરિણામે 'સુલેહશાંતિનો ભંગ થવાનો તથા કાયદાનો અનાદર થવાનો ભય ચોખ્ખો રહેલો છે તેવી ભીતિ વ્યક્ત કરી હતી.'

ગાંધીજીએ જો કે આ ભય સામે ટુંકો પ્રત્યુત્તર વાળ્યો હતો 'પ્રજાને તો એક જ કાયદાનો પરિચય છે અને તે બ્રિટીશ અમલદારની મરજી... હું, આવા કાયદાને ગણકારતો નથી...'

'અંતિમ પરીક્ષા' એવા શીર્ષક સાથેના લેખમાં મહાત્મા ગાંધીએ મીઠા સત્યાગ્રહના સંબંધે હિંસા થશે તો એવા પ્રશ્નનો જવાબ વાળ્યો છે. આ લેખમાં ગાંધીએ સ્પષ્ટ કર્યું હતું કે 'હું જોઉં છું કે સરકારી સંગઠીત હિંસા દિનપ્રતિદિન વધતી જાય છે અને તે જ પ્રમાણમાં તે હિંસાનો હિંસક પ્રતિકાર કરનારી ટોળી પણ જોર કરતી જાય છે. તેથી જો અહિંસામાં હિંસાને રોકવાની શક્તિ હોય અથવા મારામાં અહિંસા હોય તો આ બેવડી હિંસાને રોકનારો અહિંસક માર્ગ મને જડી આવવો જોઈએ. એ માર્ગ હમણાં હું લઈ રહ્યો છું. પણ એ ન હોય તો મારે કોઈક પણ રીતે હવે પ્રજાની પ્રગતિની આડે આવતાં ખસી જવું જોઈએ એ વિશે મને શંકા નથી. જો હું ખાદીકામથી જ સંતોષ માનીને બેસી રહું તો મારી અહિંસા લાજે એમ હું સ્પષ્ટ પણે જોઉં છું. અહિંસામાં ખાદીશક્તિ કરતાં કરોડો ગણી શક્તિ છે.' તેમણે સવિનય કાનૂન ભંગની લડતને અંતિમ કાનૂન સામે સવિનય લડત દાંડીકૂચ સાથે તેમણે ૧૨મી માર્ચ ૧૯૩૦થી શરુ કરી પરંતુ લોર્ડ ઈર્વિનને લખેલા પત્રથી એટલે કે તા. ૨જી માર્ચથી જ ખરે તો લડત શરુ કરી દીધી હતી.




ઈર્વિનને લખેલા આ પત્રમાં તેમણે હિંદની પાયમાલીની કરૂણ કથા 'વર્ણવી હતી અને 'દેકીતી રીતે જ જગતમાં સૌથી વધારે ખર્ચાળ તંત્ર કે જેમાં વાઈસરોયનો પગાર '૫૦૦૦થી વધુ હિંદીઓની સરેરાશ કમાણી' થી વધારે હતો તેવા તંત્રના અસહ્ય બોજામાંથી તાત્કાલિક રાહત આપવાની અપીલ કરી હતી.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષર દેહ ભાગ-૪૩

(લેખક ગુજરાત કૉલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)


# કેળવણી એ પ્રકારની હોય જેમાં તેના વ્યવસાયને નિસ્બત હોય, શિક્ષણ એ પ્રકારનું હોય જેમાં તેની નોકરીને નિસ્બત હોય, આજે જીવન વિકાસના નિસ્બત સાથેની કેળવણીની અત્યંત જરૂર છે, કૌશલ્ય વિકાસ વગરની કેળવણી એ અધુરી કેળવણી છે

*એક નેમ છે અને એને વિસરવાનું નથી*
*બીજી ભણી માથાને વિહાવાનું નહીં*
*મોતી જો પામવા હોય તો દરિયામાં 'મરીઝ'*
*ડૂબકી જ મારવાની હો, પછી તરવાનું નહીં*
*- 'મરીઝ'*




લગભગ દરેક મા-બાપની એક સામાન્ય ફરિયાદ : ભણ્યા પણ ગણ્યા નહિ, એન્જીનીયર થઈ ગયા પણ ફયુઝ બાંધતા આવડતો નથી. ગ્રેજયુએશન કર્યુ પણ ગેસનો સીલેન્ડર બદલી શકતા નથી. પોસ્ટ ગ્રેજયુએશન કર્યુ છે પણ ચ્હા બનાવી શકતા નથી કે પાપડ શેકી શકતા નથી.

આજનું શિક્ષણ સર્ટીફિકેટવાળું શિક્ષણ છે. માત્ર ડિગ્રી મળે બીજુ કાંઈ મળે કે કેમ તેની કોઈ ગેરંટી નહિ. જેમાં નોકરી મળે અગર ના મળે. યુવાનમાં કૌશલ્યનો વિકાસ થાય અગર ના થાય. આજના શિક્ષણમાં જીવન કૌશલ્યના વિકાસનો સદંતર અભાવ જોવા મળે છે. શિક્ષકો, વાલીઓ, ઈન્ટરવ્યુ લેનાર અધિકારીઓ, બધાજ આ વાત સાથે સંમત થાય છે.



શિક્ષણમાં કૌશલ્ય વિકાસ જરૂરી છે. વ્યાવસાયિક શિક્ષણની આજે ખૂબ અનિવાર્યતા છે. માત્ર સર્ટીફિકેટથી નોકરી મળવાની નથી પરંતુ સાથે સાથે તે અંગેના કૌશલ્યો હસ્તગત કરવા જરૂરી છે.

કૌશલ્યો બે રીતે જોઈ શકાય. ૧. વ્યાવસાયિક કૌશલ્યો અને ૨.જીવન વિકાસના કૌશલ્યો. વ્યાવસાયિક કૌશલ્ય માટે વ્યવસાય અંગેની તમામ માહિતી, હકિકતો અને ઊંડાણપૂર્વકનું જ્ઞાન મેળવવું પડે. આજે આપણને બધું જ તૈયાર અને ઈન્સ્ટન્ટની ટેવ પડી ગઈ છે. બોલ મારો ને વસ્તુ હાજર. ફોન કરો ને 'રોબો' હાજર. મહેનત નહી ને બીજી કોઈ ઝંઝટ નહિ. પરિણામે પાયાના કૌશલ્યોના વિકાસની ઉણપ વર્તાય છે. સર્ટી અને કામ કરવાની કુશળતા વચ્ચે ખૂબ મોટું અંતર રહી જાય છે. ડીગ્રી હોય પણ કામ કરવાની સૂઝ ન હોય ત્યારે મુશ્કેલી સર્જાય છે. જીવનના અમુક તબકકે પહોંચ્યા પછી થાય કે હવે જીવન જીવવું કેવી રીતે ? તેની સમજ ન હોય તો જીવન વ્યર્થ છે તેમ લાગે. જેથી વ્યાવસાયિક કૌશલ્ય અને જીવન કૌશલ્યની શિક્ષણમાં અનિવાર્યતા વધી જાય છે. જે કૃષ્ણમૂર્તિ લખે છે : સ્પર્ધામુકત અને ભયમુકત કરે તે કેળવણી. આજે ગ્રેજયુએશન પૂરું કર્યા બાદ વિદ્યાર્થી ભય પામે છે. કે મને નોકરી મળશે કે નહિ અને અન્ય બેકાર વિદ્યાર્થીની લાઈનમાં ઊભો રહી સ્પર્ધા માટે મને- કમને તૈયાર થાય છે.

નવી શિક્ષણનીતિમાં કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપવું ઘટે. શિક્ષણ લેતાં કોઈપણ યુવાન કે યુવતી માટે શિક્ષણ પૂરું થયા બાદ નોકરી કે વ્યવસાય મળવો ખૂબજ અગત્યનું છે. "દરેક યુવાન ભણે છે જ નોકરી મેળવવા માટે" આ સત્યને જેમ બને તેમ જલદીથી સ્વીકારી લેવું ઘટે. આજે નોકરીને અને તેના ભણતરને કોઈ લેવા દેવા નથી, તેવો વ્હેમ પડે છે. અને જયારે યુવાનને ભણ્યા પછી નોકરી મળતી નથી ત્યારે આ વ્હેમ સાચો પડતો લાગે છે.

કેળવણી એ પ્રકારની હોય જેમાં તેના વ્યવસાયને નિસ્બત હોય, શિક્ષણ એ પ્રકારનું હોય જેમાં તેની નોકરીને નિસ્બત હોય. આજે જીવન વિકાસના નિસ્બત સાથેની કેળવણીની અત્યંત જરૂર છે. કૌશલ્ય વિકાસ વગરની કેળવણી એ અધુરી કેળવણી છે.

બુનિયાદી શિક્ષણના પ્રણેતા મહાત્મા ગાંધીએ ત્રણ ૐ ની કેળવણી પર ભાર મૂકેલો. **Heart, Head & Hand** મારી દૃષ્ટિએ આપણે ગાંધીએ બતાવેલ કેળવણીના માર્ગે પાછા વળવાનો સમય આવી ગયો છે. દીર્ઘદષ્ટા ગાંધીએ જ્ઞાન, કર્મ અને ભકિત સાથે કેળવણીના જોડાણની વાત કરેલી. આપણે બરાબર સમજી ન શકયા ને પરિણામે આજે બુનિયાદી શિક્ષણ તેનુ મૂળભૂત સ્વરૂપ ખોઈ બેઠું છે. એમ કહો કે બુનિયાદી શિક્ષણની 'ખો' કાઢી નાખવામાં આવી છે.

નવી શિક્ષણ નીતિમાં હાર્ટ, હેડ એન્ડ હેન્ડ ની કેળવણીને **(Three H)** પ્રાધાન્ય આપવું જ પડશે. જેથી **Heart** દ્વારા મૂલ્ય શિક્ષણ, **Head** દ્વારા માહિતી અને જ્ઞાન તથા **Hand** દ્વારા કૌશલ્ય વિકાસ કેળવી શકાશે. આ ત્રણ ૐ ની ત્રિપુટી શિક્ષણમાં ક્રાંતિ લાવશે એમાં શંકાને સ્થાન નથી. જો આમ થશે તો કેળવણી મેળવેલ યુવાન કૌશલ્ય નિપુણ બનીને બહાર આવશે. કેળવણીની સાથે સાથે કૌશલ્યનો વિકાસ વર્તમાન યુગની તીવ્ર માંગ છે.

આવનારા દિવસોમાં કૌશલ્ય વિકાસ ધરાવનાર યુવાનને જ નોકરી મળી શકશે. જેના જીવન કૌશલ્યો વિકસિત હોય તેવો યુવાન જ પોતાનો વ્યવસાય ભય રહિત કરી શકશે. વિદ્યાર્થીના જીવનને ભય રહિત અને સ્પર્ધા રહિત બનાવવા કૌશલ્ય વિકાસની કેળવણીની હિમાયત જરૂરી છે.

**ઢળતા સૂરજને જોઉં છું, જોયા કરું છું હું,**
**લાગે છે એના શહેરમાંયે રાત થઈ હશે.**
**આજે હવામાં ભાર છે ફૂલોની મ્હેંકનો,**
**રસ્તાની વચ્ચે એની મુલાકાત થઈ હશે.**
**- કૈલાશ પંડિત**

# ફાગણે ખર્યા સર્વેપર્ણો કેસૂડે, ફૂલડે છાયો!




ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા, ગુજરાતી ભાષાના સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખી, તેની ખુશ્બુ ચોમેર મધમધતી અને મહેંકતી રાખવા, દર માસના બીજા રવિવારે, સાહિત્યકારોની સ્વરચિત રચનાઓનું પઠન રાખવામાં આવે છે. આ માસની સભા તા. ૧૩.૩.૨૦૧૬ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે સાહિત્યસભાના સભ્યશ્રીના સ્વરચિત કાવ્યોનો તેમના મુખે કરવામાં આવશે; તો આ કાર્યક્રમમાં અચૂક પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્યરસિકો - ભાવકો અને ગાંધીનગર સાહિત્યસભાના સર્વે સભ્યશ્રીઓને હાર્દિક જાહેર નિમંત્રણ છે.

● વૃત્તસંચય

જાણીતા પત્રકાર, કટારલેખક અને ચિંતક ડૉ.યાસીન દલાલને તેમના પુસ્તક 'વિવેકમાધુરી' માટે ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી વર્ષ ૨૦૧૨નું 'નિબંધ અને પ્રવાસ' માટેનું દ્વિતીય પારિતોષિક એનાયત થયું. ડૉ. દલાલને છેલ્લે વડોદરામાં એક સમારંભમાં 'ડાહ્યાભાઈ પટેલ સુવર્ણચંદ્રક' પણ એનાયત થયો હતો. ડૉ. દલાલે પત્રકારત્વ વિશે ૭૦ થી વધુ પુસ્તકો લખી સિદ્ધિ મેળવી છે. તેમના અનેક પુસ્તકોનો હિન્દીમાં પણ અનુવાદ થયેલ છે.

● સાહિત્ય, સમાજ અને ચિંતન અને જીવનલક્ષી વિચારોના અનેક જુદા જુદા વકતવ્યો 'વિશ્વગ્રામ પ્રેરિત વિચારવર્તુળ માણસા' દ્વારા યોજવામાં આવે છે, જે અંતર્ગત તા. ૬-૩-૨૦૧૬ના રોજ માણસા કૉલેજ ખાતે, ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય અને જાણીતા કવિ-લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટનું 'સાંપ્રત સાહિત્ય અને સર્જકનું સામાજિક દાયિત્વ' વિષય પરનું વકતવ્ય યોજાઈ ગયું, જેમાં તેમણે સાંપ્રત સાહિત્યની અને સર્જકના સામાજિક દાયિત્વ સંદર્ભે સમાજની અને દેશની હાલની પરિસ્થિતિને અનુલક્ષીને ચર્ચા કરીને, શિષ્ટ સાહિત્ય અને લોકપ્રિય સાહિત્ય વચ્ચેનો ભેદ દર્શાવ્યો હતો. અસહિષ્ણુતા સંદર્ભે કાલબૂર્ગીની હત્યા અને દિલ્હીમાં જેએનયુ યુનિ.ની તત્કાલિનતા વિષે ચર્ચા કરીને, સર્જકના સામાજિક દાયિત્વને યાદ કરાવ્યું હતું. કાર્યારંભે પ્રો. રાજેન્દ્રસિંહ વાઘેલાએ ડૉ. ભટ્ટનો પરિચય કરાવી, અંતમાં આભારદર્શન કર્યું હતું. ડૉ. કનૈયાલાલ ભટ્ટને અભિનંદનસહ ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને કવિરાજ કોમ્યુનિકેશન દ્વારા, પ્રજ્ઞા ચક્ષુઓમાં રહેલી કાવ્યસર્જનની સર્જકતા પાંગરે અને સમાજના મુખ્ય પ્રવાહમાં તેમની સર્જકતાનો અવાજ મૂકી શકાય તે હેતુથી કાવ્યપઠનનો એક કાર્યક્રમ તા. ૩૧મી માર્ચ ૨૦૧૬ને ગુરુવારના રોજ સાંજના ૫.૩૦ વાગે રાખવામાં આવ્યો છે. જેમાં પ્રજ્ઞાચક્ષુ કવિઓ પોતાની કવિતા રજૂ કરશે અને સાથે શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' પણ કાવ્યપઠન કરશે. ચંદ્રકાન્તભાઈ શેઠ કવિઓને માર્ગદર્શન આપશે અને કાર્યક્રમનું સંચાલન શ્રી જશુભાઈ કવિ કરશે. કાર્યક્રમ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદ યોજાશે.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સક્રિય સહયોગી - પ્રસિદ્ધ સામયિક 'પ્રબુદ્ધજીવન' ના તંત્રી ડૉ. ધનવંત શાહનું ૨૮મી ફેબ્રુઆરીએ ૭૭ વર્ષની વયે અવસાન થયું. 'રાજવી કવિ કલાપી', 'અપૂરવખેલા' અવધૂત આનંદધનજી, 'વસંતવૈતાલિક કવિ ન્હાનાલાલ' તથા 'કૃષ્ણભક્ત કવિ જયદેવ' જેવા નાટકો એમણે લખ્યાં હતાં. તેઓ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલોજી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મુંબઈમાં યોજાતા કાર્યક્રમોના અગ્રણી હતા. એમના અવસાન અંગેની સભામાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે : 'ડૉ. ધનવંત શાહના અવસાનથી જૈનદર્શનના ચિંતક, પ્રાકૃત અને મધ્યકાલીન સાહિત્યના વિદ્વાન, કુશળ તંત્રી અને નવી પ્રતિભાઓને તક આપનાર, એક શાલીન અને સૌમ્ય વ્યક્તિત્વની ખોટ પડી છે.' સદ્ગતના પુણ્યાત્માને ભાવભરી શબ્દાંજલિ.

● લોકભારતી - સણોસરા અને ગ્રામ દક્ષિણામૂર્તિના વાર્ષિકોત્સવ પ્રસંગે પૂ. નાનાભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળાના ચોપનમાં મણકાના 'રાષ્ટ્રીય સમસ્યાઓને ઉકેલનારી કેળવણી' વિશે બે વ્યાખ્યાનો સ્વામી શ્રી ધર્મબંધુજીએ આપ્યા હતા. તેમના વરદ્ હસ્તે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી નિષ્ઠાવાન શિક્ષક, સંશોધક, સત્તશીલ લેખક તથા 'પુસ્તક પરબ' ની પ્રવૃત્તિના પ્રણેતા ડૉ. પ્રતાપરાય પંડ્યાનું સન્માન કરવામાં આવ્યું હતું. લોકભારતીના નિયામક અરૂણભાઈ દવેએ સહુને આવકારીને ડૉ. પ્રતાપભાઈનો પરિચય આપ્યો હતો અને અંતે રામચંદ્રભાઈ પંચોળીએ આભારદર્શન કર્યું હતું.

● આજે ગઝલો, ગીતો અને ગદ્યકાવ્યો મોટી સંખ્યામાં લખાઈ-છપાઈ રહ્યાં છે ત્યારે કવિલોક ટ્રસ્ટનું નવું પ્રકાશન અને નવ્ય કવિ દેવેન્દ્ર દવે લિખિત, વિવિધ છંદોબદ્ધ ૮૫ સૉનેટનો સંગ્રહ 'ઉરે પરમ ઝંખના' પ્રસિદ્ધ થયો છે. આજે જયારે છાંદસ કાવ્યરચના ઓછી લખાય છે ત્યારે, છંદના અભિવ્યક્તિપૂર્ણ સૌંદર્યથી આસ્વાદ્ય બનતો આ સોનેટ સંગ્રહ એક આસ્વાદ્ય નવલું નજરાણું છે. જે 'કુમાર ટ્રસ્ટ' ના સરનામેથી મળી શકે.

● શ્રી ધીરુ પરિખકૃત 'રવીન્દ્રનાથનું કાવ્ય વિશ્વ' એ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની સમગ્ર કવિતાનું રસદર્શન રસલક્ષી પરિચય કરાવતું વિવેચનનું પુસ્તક છે, જે કવિવરની ૧૫૦મી જન્મજયંતિના અવસરે ગુજરાતી ભાષાનું યાદગાર સંભારણું બની રહે તેવું છે. જે 'કુમાર ટ્રસ્ટ' ના સરનામેથી મળી શકે.

દધિ બિન્દુ

કોલસો ભલે કાળો છે, પણ અગ્નિના સંગે તપીને લાલાશ ધારણ કરે છે અને પરને - અન્યને પ્રકાશ અને ગરમી આપી, પોતાની જાતને રાખના શ્વેતરંગમાં પલટે છે, તે રીતે ઉજળા થવા પ્રયત્ન કરીએ.

દધિ હાઈકુ

(૧)
ફાગણે ખર્યા
સર્વેપર્ણો કેસૂડે,
ફૂલડે છાયો!

(૨)
દારૂ પીનાર
રસ્તે પડ્યો કણસે;
કોઈ ન હામી!

(૩)
નાપસંદે તેં
ત્યજી દીધો પતિને,
થૈ રઝળતી!

(૪)
નાપસંદ થૈ
છૂટી પડી પતિથી
થૈ લખપતિ!

(૫)
ખરેખર તો
જેણે જાણી માતને;
જાણ્યા ઈશ્વર!

- muljibhaidadhi@gmail.com